જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૧૦/૨૦૨૦ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૭૧૩/૨૦૨૦

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૧૦/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૨૨ | ૧૬ | ૧૦૬૩૮ | ૧૬૭૪૦ | ૨૦ | ૧૬૭૬૦ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૪ | ૦ | ૪૩૪૪ | ૫૮૫૮ | ૦ | ૫૮૫૮ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૮ | ૦ | ૪૮ | ૨૧૯ | ૦ | ૨૧૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૪૭૪૯ | 30 | ૧૪૭૭૯ | ૧૫૫૧૭ | 30 | ૧૫૫૪૭ |
| | કુલ | ૨૯૭૬૩ | ૪૬ | ૨૯૮૦૯ | ૩૮૩૩૪ | ૫૦ | ૩૮૩૮૪ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૦૪ | ૧૨,૭૭,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૬૬૨ | ૧૬,૬૨,000/- |

# ગુમ/અપહરણના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનઃ-

### રાજસ્થાન મારેઠ પોલીસ સ્ટેશનના ગુન્હાના કામે મદદમાં રહી ભોગ બનાનર તથા આરોપીને શોધી કાઢતી ગાયકવાડ હવેલી પોલીસ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રીસેક્ટર-૦૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીજન નાઓ તરફથી અપહરણ તથા ગુમ થનારને શોધી કાઢવા અવાર-નવાર સુચનાઓ મળતી હોય અને આજ રોજ રાજસ્થાન મારેઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં-૧૨૩/૨૦૨૦ ઇ.પી.કો કલમ-૧૪૩, ૩૬૩, ૪૫૭ વિગેરે ગુન્હાના કામે રાજસ્થાન મારેઠ પોલીસ આરોપીના ટાવર લોકેશન આધારે અત્રેના પો.સ્ટે વિસ્તારમાં તપાસમાં આવી સ્થાનીક પોલીસની તપાસના કામે મદદ માંગતા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એન.એન.પરમાર સા.શ્રીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના પ્રો.પો.સબ.ઇન્સવી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો રાજસ્થાન પોલીસની મદદમાં રહી ઉપરોકત ગુન્હાના કામે ભોગ બનનાર નામે પીંકી ડો/ઓ રાધેશ્યામ રેગર રહે. મારેઠ જી.નાગોર રાજસ્થાન તથા આરોપી નામે મોહમદ હુસેન જુમલખાં શેખ રહે. મારેઠ જી.નાગોર રાજસ્થાન નાઓને અત્રેના પો.સ્ટે વિસ્તારમાથી શોધી ઉપરોકત ગુન્હાના કામે રાજસ્થાન પોલીસને તપાસના કામે સોપી સારી કામગીરી કરવામાં આવેલ છે.



# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :-**

## ભીડભાડવાળી જગ્યાઓએ ચોરીઓ કરતી બાવરી ગેંગની મહિલા તથા તેના સાગરિતને પકડી પાડી ચોરીના ૧૫ થી વધુ ગુનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેરમાં ભીડભાડવાળી જગ્યાઓએ નજર ચુકવી તેમના ખીસ્સામાંથી મોબાઇલ ફોન, રોકડ રકમ તથા કિંમતી દરદાગીના વિગેરે ચીજવસ્તુઓ કાઢી લેવાના ઘણા ગુનાઓ બનતા હોય આવા પ્રકારના ગુનાઓ શોધી કાઢવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્વકર્મા સાહેબ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી વાય.જી.ગુર્જર તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા દરમ્યાન તા.૦૬/૧૦/૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઇ. રાકેશકુમાર રમાશંકર તથા હે.કો. મહેન્દ્રસિંહ ગુલાબસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે કાંકરીયા ગેટ નં.૭ ના પાર્કીંગની ફુટપાથ પરથી આરોપીઓ (૧) રવિ ઉર્ફે લાલો સ/ઓ મુરારી ભરથરી ડાભી (બાવરી) ઉ.વ.૨૧ રહે. તારાનગર, માનસરોવર ફાટક પાસે, પાલનપુર, જિ. બનાસકાંઠા તથા (૨) ગંગાબેન તે બંટીભાઇ ગજરાજભાઇ ગોસાઇ (બાવરી) ની વિધવા પત્નિ ઉ.વ.૩૫ રહે. તારાનગર, માનસરોવર ફાટક પાસે, પાલનપુર, જિ.બનાસકાંઠા નાઓને પકડી પાડી તેઓ પાસેથી ચોરી કરેલ મુદ્દામાલના બે મોબાઈલ ફોન કિં.રૂ. ૯૦૦૦/- ની મત્તાના રિકવર કરેલ છે.

પકડાયેલ બંને આરોપીઓની પુછપરછ કરતાં તેઓએ અમદાવાદ શહેર, સુરત, જામનગર, રાજકોટ, પાલનપુર, વડોદરા તથા જયપુર વિગેરે શહેરોમાં આવા પ્રકારના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે. જેમાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

શોધાયેલ ગુન્હા

(૧) કારંજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૧૭/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૨) કારંજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૩૮/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૩) કારંજ પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૫૧/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ

(૪) કાલુપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૦૬/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૫) કાલુપુર પો.સ્ટે. ફસ્ટ ગુ.ર.નં.૮૯/૨૦૧૮ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબ.

(૬) અઠવાડીયા અગાઉ સવારના સમયે લાંભા બળીયા દેવના મંદિરેથી એક બહેનનો મોબાઈલ તથા રોકડા રૂ.૧૫૦૦/- ની મત્તાનું પાકીટની નજર ચુકવી ચોરી કરેલ.

(૭) અઠવાડીયા અગાઉ સવારના સમયે લાંભા બળીયા દેવના મંદિરેથી એક બહેનના કપડાના થેલાને બ્લેડ વડે ચેકો મારી સેમસંગનો મોબાઈલ ફોન કાઢી લીધેલ.

(૮) જામનગરમાં છેલ્લી હોળીના મેળામાં મોબાઈલ તથા રુપિયા ૧૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૯) લોકડાઉન પહેલાં રાજસ્થાનના અજમેરમાં ચોરી કરેલ હતી.

(૧૦) જયપુરમાં રેલ્વે સ્ટેશનમાં લેડીઝના પાકીટમાંથી ચોરી કરેલ.

(૧૧) આણંદ ખાતેથી રોકડા રુપિયા ૫૦૦૦/- ની ચોરી કરેલ.

(૧૨) નડીયાદ ખાતેથી રોકડા રુપિયા ૧૪૦૦૦/- ની ચોરી કરેલ.

(૧૩) સુરતમાં રેલ્વે સ્ટેશન પાસેથી ચેઈન અને રુપિયા ૧૦,૦૦૦/- ની ચોરી કરેલ.

(૧૪) વડોદરા એસ.ટી. બસ સ્ટેન્ડથી સોનાના દાગીના તથા રોકડા રુપિયા ૨૦૦૦૦/- ની ચોરી કરેલ.

(૧૫) દોઢ માસ અગાઉ વડોદરા જુના એસ.ટી. બસ સ્ટેન્ડ પાસેથી લેડીઝના પાકીટમાંથી રોકડા રુપિયા ૨૦૦૦/- કાઢી લીધેલ.

(૧૬) રાજકોટ રેલ્વે સ્ટેશન પાસે પાકીટની ચોરી કરેલ.

## આરોપીઓનો ગુનાહીત ઇતીહાસ

પકડાયેલ આરોપી ગંગાબેન આ અગાઉ કારંજ પોલીસ સ્ટેશનમાં મોબાઈલ ચોરીના ગુનામાં પકડાઈ ચુકેલ છે અને ચાર દિવસ સાબરમતી જેલમાં જઈ આવેલ છે.

## આરોપીઓની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી

પકડાયેલ બંને આરોપીઓની પુછપરછ દરમ્યાન તેઓ બાવરી ગેંગના અન્ય માણસો સાથે ગુજરાતના અલગ-અલગ શહેરોમાં તેમજ રાજસ્થાનમાં જઈ લોકોની ભીડભાડવાળી જગ્યાઓ જેમાં શાકમાર્કેટ, મંદિરો, મેળાઓ, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન વિગેરે જગ્યાઓએ ફરી નજર ચુકવી બ્લેડ વડે ખિસ્સું તથા પાકીટને ચેકો મારી રોકડ રકમ, દર દાગીના, મોબાઈલ ફોન વિગેરે ચીજવસ્તુઓની ચોરીઓ કરે છે. જેમાં આરોપી રવિ ઉર્ફે લાલો ભીખ માંગવાના બહાને મોબાઈલ તથા કિમતી ચીજવસ્તુઓ વિગેરે પણ કાઢી લે છે.





# આર્મ એક્ટના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ

## ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી જીવતા કારતુસ સાથે એક ઇસમને પકડી પાડતી ચાંદખેડા પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-01, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02, અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એલ.ખરાડી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.હે.કો. દિનેશકુમાર ધનજીભાઇ બ.નં-૩૪૫૦ તથા હિરેનકુમાર ભરતભાઇ બ.નં-૪૫૨૫ તથા અ.પો.કો. અમૃતજી કાંતિજી બ.નં.૯૦૨૫ તથા અ.પો.કો. જીવરાજસિંહ ઉદાજી બ.નં.-૬૩૫૪ તથા કૃણાલસિંહ નટવરસિંહ બ.નં-૬૪૩૨ તથા અ.લો.ર. કાર્તિક મનુભાઇ બ.નં.૧૦૧૬૫ તથા અ.લો.ર. મહિપાલસિંહ નરેંદ્રસિંહ બ.નં-૧૩૧૨૨ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના અ.પો.કો. અમૃતજી કાંતિજી બ.નં.૯૦૨૫ તથા અ.પો.કો. જીવરાજસિંહ ઉદાજી બ.નં.-૬૩૫૪ નાઓને મળેલ સંયુક્ત બાતમી હકીકત આધારે ચાંદખેડા આઇ.ઓ.સી. રોડ ગોકુલધામ સોસાયટી આગળ જાહેર રોડ ઉપરઆરોપી નામે મહેંદ્રસિંહ ચંદ્રભાનસિંહ ઠાકુર ઉ.વ.૨૫ ધંધો-કાર વોશીંગની દુકાન રહે-મકાન નં-એચ/૧૦૨,આનંદ વિહાર ફ્લેટ ત્રાગડ રોડ ચાંદખેડા અમદાવાદ શહેર મુળ રહે-ગામ-કબુલપુર પોસ્ટ-કકુઆ જી-આગ્રા ઉત્તરપ્રદેશ નાને કુલ ૧૧ નંગ જીવતા કારતુસ જેની કિ.રૂ.૩૩૦૦/- તથા એક મોબાઇલ ફોન જેની કિં.રૂ.૧૦,૦૦૦/- તથા એક બઝાઝ પલ્સર મો.સા. જેની કિં.રૂ.૩૦,૦૦૦/- મળી કુલ્લે રૂ.૪૩,૩૦૦/- નો મુદ્દામાલ સાથે પકડી પ્રસંશનીય કામગીરી કરેલ છે. તા.૦૬/૧૦/૨૦૨૦



# <u>પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત</u>

## <u>ચાંદખેડા પોલીસ સ્ટેશનઃ-</u>

## <u>ચાંદખેડા, ગોદરેજ ગાર્ડન સીટી ખાતે થી ભારતીય બનાવટનો વિદેશી દારૂનો જથ્થો પકડી પાડતી ચાંદખેડા પોલીસ</u>

મે,પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-01, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02, અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી આર.એલ.ખરાડી ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી કે.એચ.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.પો.કો. જીવરાજસિંહ ઉદાજી બ.નં.-૬૩૫૪ તથા કૃણાલસિંહ નટવરસિંહ બ.નં-૬૪૩૨ તથા અ.લો.ર. સિધ્ધાર્થરાજસિંહ બળવંતસિંહ બ.નં-૧૧૬૭૭ માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા અને પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.પો.કો. કૃણાલસિંહ નટવરસિંહ બ.નં-૬૪૩૨ તથા અ.લો.ર. સિધ્ધાર્થરાજસિંહ બળવંતસિંહ બ.નં-૧૧૬૭૭ નાઓની સન્યુક્ત બાતમી હકિકત આધારે જી/૧૨૦૭ વૃન્દાવન ફ્લેટ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર અમદાવાદ શહેર આરોપી વિશાલ સ/ઓ વિજયકુમાર જાતે-મનચંદા ઉ.વ.૩૦ ધંધો-મજુરી રહે- જી/૧૨૦૭ વૃન્દાવન ફ્લેટ ગોદરેજ ગાર્ડન સીટી જગતપુર અમદાવાદ શહેર મુળ રહે-ખાઇ વાલી ગલી અમૃતસર પંજાબ નાઓના મકાનમાથી ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશીદારૂ ભરેલી જુદી જુદી બ્રાંડની બોટલો નંગ ૧૮ કિ.રૂ.૨૮,૮૦૦/- તથા મોબાઇલ ફોનની કિ.રૂ.૧૦,૦૦૦/- મળી કુલ્લે કિં.રૂ.૩૮,૮૦૦/- ના મુદામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૬/૧૦/૨૦૨૦



**<u>કાગડાપીઠ પોલીસ સ્ટેશનઃ-</u>**

## ભારતીય બનાવટનો વિદેશી દારૂની બોટલ નંગ-૧૮૦ કિં.રૂ.૯૩,૬૦૦/- નો મુદ્દામાલ પકડી પાડતી કાગડાપીઠ પોલીસ

અમદાવાદ શહેરમાં બનતા ગુનાઓ અટકાવવા તથા ગુના શોધી કાઢવા મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૬ સાહેબશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીઝન સાહેબ નાઓ તરફથી અવાર નવાર સુચના આપેલ હોય જે સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ સાહેબ નાઓના સીધા માર્ગદર્શન તથા સુચના મુજબ તા.૦૫/૧૦/૨૦૨૦ ના રોજ સીનીયર પોલીસ ઇન્સપેકટરશ્રી એમ.એ.સિંહ તથા સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ.શ્રી પી.કે.ગોહિલ તથા બીજા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતાં તે દરમ્યાન પેટ્રોલીંગ ફરતા-ફરતા કલાક ૨૦/૫૦ વાગે કાંકરીયા રોડ અણુવ્રત સર્કલ પાસે જાહેર રોડ ઉપર આવતા સાથેના પો.કો.રાજેન્દ્રસિંહ ભાવસિંહ બ.નં.૧૦૦૯૬ નાઓને બાતમી હકીકત મળેલ કે "જયેન્દ્ર પંડિત નગર ખાતે રહેતો મુકેશ ઉર્ફે બાટલી દિપકભાઇ ઠાકોર તથા તેનો મિત્ર જીજ્ઞેશ ઉર્ફે જીગો દિનેશભાઇ શર્મા નામના ઇસમોએ ભેગા મળી બ્લોક નંબર-૦૬ ની પાછળના ભાગે કેટલોક ગેર કાયદેસરનો ભારતીય બનાવટનો વિદેશીદારૂનો જથ્થો વેચાણ અર્થે લાવી સંતાડી રાખેલ છે" વિગેરે મતલબની બાતમી હકિકત આધારે બાતમી હકીકતવાળી જગ્યાએ રેઇડ કરતા બાતમી હકિકતમાં જણાવેલ નામવાળા બન્ને ઇસમો મળી આવેલ નહિ પરંતુ સદર બાતમીમાં જણાવેલ બ્લોક નંબર-૦૬ ની પાછળના ભાગેથી ૧૫ પુઠાના બોક્ષ મળી આવેલ. જે ૧૫ બોક્ષમાં જોતા તમામ બોક્ષમાં ROYAL CHALLENGE કંપનીની ભારતીય બનાવટની વિદેશીદારૂની અલગ અલગ બેચ નંબરવાળી કુલ્લે-૧૮૦ બોટલો કિં.રૂ.૯૩,૬૦૦/- નો મુદ્દામાલ કબજે કરી સદરી નહિ મળી આવેલ બન્ને ઇસમો (૧) મુકેશ ઉર્ફે બાટલી દિપકભાઇ ઠાકોર રહે.જયેન્દ્ર પંડિત નગર કાંકરીયા રોડ અમદાવાદ શહેર તથા (૨) જીજ્ઞેશ ઉર્ફે જીગો દિનેશભાઇ શર્મા જેના પુરા સરનામાની ખબર નથી તેઓની વિરૂધ્ધમાં કાગડાપીઠ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૫૨૦૧૨૧૭/૨૦૨૦ ધી પ્રોહી કલમ ૬૬(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧ મુજબ ફરીયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહિ કરી સારી કામગીરી કરેલ છે.



## મેઘાણીનગર પોલીસ સ્ટેશનઃ-

## ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશી દારૂના જથ્થા સાથે આરોપીને પકડી પાડતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્વર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્વરશ્રી સેકટર-૨ સાહેબશ્રી તથા નાયબ પોલીસ કમિશ્વરશ્રી ઝોન-૪ તથા મદદનિશ પોલીસ કમિશ્વરશ્રી જી-ડિવીઝન અમદાવાદ શહેર નાઓની સુચના તેમજ સિનીયર પોલીસ ઈન્સપેકટરશ્રી ડી.જે. ચુડાસમા સાહેબ મેઘાણીનગર પોલીસ સ્ટેશન નાઓના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના ઇન્ચાર્જ એ.એસ.આઇ આનંદસિંહ નાથુસિંહ તથા સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં દારુ-જુગારની પ્રવૃતિ શોધી કાઢવા તથા નેસ્તનાબૂદ કરવા સારૂ પેટ્રોલીંગમા હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા અનાર્મ લોકરક્ષક ભદ્રેશસિંહ બાબુભાઇ બ.નં.૩૧૬૦ તથા એલ.આર. સુરપાલસિંહ અમરસિંહ બ.નં.૧૪૮૦ નાઓની સયુક્ત બાતમી હકિકત આધારે નીચે જણાવેલ આરોપીને મેઘાણીનગર ભગવાનભાઇની ચાલી ખાતે આવેલ આરોપીઓના અલગ અલગ મકાનમાથી ગુનાના વોન્ટેડ આરોપીઓની મદદથી ગેરકાયદેસર અને વગર પાસ પરમીટનો નીચે જણાવેલ ભારતીય બનાવટનો પરપ્રાંતિય વિદેશી દારૂનો જથ્થો પોતાના આર્થિક ફાયદા સારૂ લાવી સંતાડી રાખેલ જે વિદેશી દારૂના જથ્થા સાથે આજરોજ તા:-૦૬/૧૦/૨૦૨૦ રોજ શોધી પકડી સદરી તેમજ ગુનાના વોન્ટેડ આરોપીઓ વિરૂધ્ધમા મેઘાણીનગર પોલીસ સ્ટેશન પાર્ટ-સી-ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૦૨૦૨૪/૨૦૨૦ ધી ગુજરાત પ્રોહીબિશન એક્ટ કલમ ૬૬(૧)(બી),૬૫(એ)(ઇ),૧૧૬(બી),૮૧, મુજબનો ગુનો દાખલ કરી સારી તેમજ પ્રસંશનિય કામગીરી કરેલ છે.

તા:૦૬/૧૦/૨૦૨૦

### મળી આવેલ મુદામાલ:-

(૧) ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશી દારૂના OFFICER CHOICE CLASSIC WHISKY ના બોક્ષ ૩૭ મા શીલબંધ કાંચની બોટલ કુલ્લે નંગ-૪૪૪ ૭૫૦ મી.લી જેની કિ.રૂા ૨,૦૨,૦૨૦/-

(૨) ભારતીય બનાવટના પરપ્રાંતના વિદેશી દારૂના RML ROYAL CLASSIC WHISKY ના ૧૮૦ મી.લી. ના કુલ્લે ૪૮ નાના બોક્ષ (પાઉચ) કિ.રૂા ૩૩૬૦/- એમ મળી ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશી દારૂ કુલ્લે ૩૪૧ લીટર ૬૪૦ મી.લી જેની કુલ્લે કિ.રૂા ૨,૦૫,૩૮૦/- ની મત્તાનો વિદેશી દારૂ

(૩) એક ઓપ્પો કંપનીનો કાળા કલરનો મોબાઇલ ફોન કિ.રૂા ૫૦૦૦/- ગણી શકાય કુલ્લે રૂપિયા ૨,૧૦,૩૮૦/- ની મત્તાના મુદ્દામાલ

## કામગીરી કરનાર અધિકારીશ્રી/કર્મચારી

(૧) એ.એસ.આઇ આનંદસિંહ નાથુસિંહ બ.નં.૭૩૦૧ (૨) પ્રો.મ.સ.ઇ. દીગ્વીજયસિંહ ભરતસિંહ બ.નં.૧૩૬૫૯ તથા (૩) હે.કો. સિરાજઅહેમદ લીયાકતઅલી બ.ન.૮૩૩૮ તથા (૪) હે.કો. અશ્વીનભાઇ મણીલાલ બ.નં.૮૭૨૦ તથા (૫) હે.કો. શંકર ભાનુદાસ બ.નં.૩૧૨૨ તથા (૬) પો.કો. મનોજસિહ મુકુન્દસિહ બ.ન. ૩૪૨૮, તથા (૭) પો.કો. ચેતનસિંહ રાજેન્દ્રસિંહ બ.ન.૮૪૬૭ તથા (૮) પો.કો. યુવરાજસિંહ ભરતસિંહ બ.નં.૧૩૧૪૬ તથા (૯) એલ.આર. ભદ્રેશસિહ બાબુભાઇ બ.ન.૩૧૬૦ તથા (૧૦) એલ.આર.અરૂણસિહ યશપાલસિહ બ.ન.૪૨૪૭ તથા (૧૧) એલ.આર.રિતેશ નંદલાલ બ.નં.૧૧૬૪૫ તથા (૧૨) એલ.આર. સુરપાલસિંહ અમરસિંહ બ.ન.૧૪૮૦ તથા (૧૩) એલ.આર. જતીનભાઇ દિનેશભાઇ બ.નં.૧૨૭૯૮ તથા બીજા સર્વેલન્સ સ્કોડના માણસો

## આરોપીનું નામ સરનામુ

સોમાજી ફુલાજી ઠાકોર ઉવ-૪૦ રહેવાસી-ભગવાનભાઇની ચાલી પ્રેમાનંદ આશ્રમની બાજુમા છેલ્લા બસ સ્ટેન્ડ મેઘાણીનગર અમદાવાદ શહેર



# તડીપાર આરોપીની વિગત

## નારોલ પોલીસ સ્ટેશનઃ

## શરીર સબંધી ગુનામા સંકળાયેલ ઇસમને તડીપાર કરતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્ત સાહેબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ શરીર સબંધી ગુનાઓ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓ (૧) વટવા પો.સ્ટે. સે.ગુ.ર.નં.૩૧૪૮/૧૯ ધી ઈ.પી.કો કલમ૨૯૪(ખ) ૫૦૬(૧), ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ તથા (૨) નારોલ પો.સ્ટે. સે.ગુ,ર.નં.૩૧૨૨/૧૯ ધી ઈ.પી.કો. કલમ ૩૩૪,૨૯૪(ખ),૫૦૬(૨), ૪૨૭,૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ ગુનાઓ એકત્ર કરી શરીર સબંધી આચરતા આરોપી મોહમંદ ઇશરાફીલ ઉર્ફે બબલો અબ્દુલ સતાર અંસારી ઉ.વ.૩૩ રહે, મ.નં.૦૧ ગુલમહોર સોસાયટી વિ-૨ સૈયદવાડી વટવા અમદાવાદ શહેર તથા બી/૧ બાગે કૌશર મસ્જીદની સામે કેનાલ રોડ નારોલ અમદાવાદ શહેર નાની અસમાજીક પ્રવૃત્તિ સબબ અત્રેથી તડીપાર દરખાસ્ત ભરી પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓને મોકલી આપતા જે તડીપાર દરખાસ્ત આધારે મે.મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ‘ઇ’ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ તેઓની કચેરીના ક્રમાંક:ઇ/ડીવીઝન/હદપ/૦૬/૨૦ તા.૧૭/૦૮/૨૦ થી બે વર્ષ માટે અમદાવાદ શહેર, અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા તથા મહેસાણા જીલ્લાઓ માંથી સદરી ઇસમને તડીપાર થવા હુકમ કરતા સદરી ઇસમને પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ નાઓએ પકડી લાવતા તા:૦૪/૧૦/૨૦૨૦ ના કલાક ૧૫/૦૦ વાગે તડીપાર હુકમની બજવણી કરી સદરી ઇસમને જે.પી.પોલીસ સ્ટેશન વડોદરા શહેર ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૬/૧૦/૨૦૨૦

સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે. પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪

આરોપીનો ફોટો



# પાસા અટકાયતની વિગત

## નરોડા પોલીસ સ્ટેશનઃ-

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ કમિશ્નર પોલીસ શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઇન્સ્પેકટર શ્રી નાઓની સુચના મુજબ નરોડા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૬૫/૨૦૧૯ ઇ.પી.કો. કલમ ૩૨૩ ૩૨૪ ૨૯૪(ખ) ૧૧૪ તથા જી.પી.એકટ ૧૩૫(૧) મુજબ તથા (૨) નરોડા પો.સ્ટે. .ગુ.ર.નં ૧૧૧૯૧૦૩૫૨૦૨૩૮૨/૨૦૨૦ ઇ.પી.કો. કલમ ૩૨૪ ૩૨૩ ૨૯૪(ખ) ૪૨૭ ૧૧૪ તથા જી.પી.એકટ કલમ ૧૩૫(૧) મુજબના ગુના દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી તેના વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૧૦૧૨/૨૦૨૦ તા-૦૬/૧૦/૨૦૨૦ ના હુકમ આધારે સદરી આરોપીને તા-૦૬/૧૦/૨૦૨૦ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી જામનગર જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા-૦૬/૧૦/૨૦૨૦

### કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

પી.આઇ. પર્સનલના હે.કો. વિરેન્દ્રસિંહ ભગવાનસિંહ બ.નં.૩૫૦૪ તથા હે.કો. ખુમાનસિંહ નાનુભા બ.નં.૬૧૦૮ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં.૮૩૩૭ તથા અ.લોકરક્ષક શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭ તથા ભાગોળ ચોકીના હે.કો. કમલેશગીરી રમેશગીરી બ.નં.૪૨૦૨ તથા અ.લોકરક્ષક અનિલભાઇ કલસીંગભાઇ બ.નં.૧૧૩૯૯

### આરોપીનુ નામ –

"દિગ્વિજયસિંહ સ/ઓ પંકજસિંહ પરમાર ઉ.વ.૨૦ રહે.દરબારવાસ વેરાઇમાતાના મંદીર પાસે નરોડા ગામ નરોડા અમદાવાદ શહેર



## નારોલ પોલીસ સ્ટેશનઃ- (૧)

## પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી કાંન્તિભાઇ ઉર્ફે ટાંકી ઉર્ફે સતાર મગાભાઇ જાતે ચુનારા ઉ.વ.૩૪ રહે.વણઝારાવાસ તલાવડી પાસે નારોલ ગામ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૦૦૧/૨૦૨૦ તા.૦૫/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી તા.૦૫À૧૦À૨૦૨૦ ના આજરોજ કલાક – ૨૨À૦૦ વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૫/૧૦/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.

પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા પો.કો. દીપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪

આરોપીનો ફોટો



## નારોલ પોલીસ સ્ટેશનઃ- (૨)

## પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ મોકલતી નારોલ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "કે" ડીવીજન અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી વિનુભાઇ ઉર્ફે વિનોદ ઉર્ફે વિનીયો સÅઓ ગોતાજી ચુનારા ઉ.વ ૪૨ રહે. કોયલી તલાવડી ના છાપરા જી.ઇ.બી સબ સ્ટેશનની પાછળ નારોલ અમદાવાદ શહેર નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૧૦૦૬/૨૦૨૦ તા.૦૫/૧૦/૨૦૨૦ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજરોજ કલાક ૨૨/30 વાગ્યે કરી યોગ્ય પોલીસ જાપ્તા સાથે મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા.૦૫/૧૦/૨૦૨૦

## કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-

પો. ઇન્સ. એસ.એ.ગોહિલ નારોલ પો.સ્ટે.
પો.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા પો.કો. સહદેવસિંહ નટવરસિંહ બ.નં. ૬૨૮૪ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪

આરોપીનો ફોટો



**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૩ વ્યક્તિઓને ઝડપી, ૨૯૧ લીટર દેશી દારૂ, ૪૯૫ બોટલ ઈંગ્લીશ દારૂ, ૩૩૬૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૯ કેસ કરી ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૦,૩૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૫૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૧૭૧૬/૨૦૨૦**

**મણીનગરઃ** દીપકભાઇ બાબુભાઇ વાઘેલા (રહે. પરમાનંદ પટેલની ચાલી રાજપુર ગોમતીપુર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૦/૨૦૨૦ રાતના ૧૦/૦૦ થી તા.૦૬/૧૦/૨૦૨૦ કલાક ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન મૈત્રી ઇન્ફોટેક ગાંધી કોમ્પલેક્ષ સેલ્સ ઇન્ડીયાની બાજુમાં દુકાનના શટરના તાળા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી દુકાનમાંથી રીપેરીંગમાં આવેલ જુના લેપટોપ અલગ-અલગ કંપનીના નંગ-૪ કિમત રૂપિયા ૩૭,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૨,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫૯,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એસ.એસ. ગોસ્વામી ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૭૧૭/૨૦૨૦**

**માધવપુરાઃ** દિપાલીબહેન વા/ઓ જીગ્નેશભાઈ મકવાણા (ઉ.વ.૨૩) (રહે. ન્યુ.એસ.કોલોની શાહપુર દરવાજા બહાર) એ અગમ્ય કારણસર તા.૦૪/૧૦/૨૦૨૦ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે એસીડ પી લીધુ હતુ. સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૦૫/૧૦/૨૦૨૦ સાજના ૬/૩૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી "એલ" ડિવીઝન ચલાવે છે.

**અમરાઇવાડીઃ** વિજયભાઇ સેલવાદોરે મુદલીયર (ઉ.વ.૩૫) (રહે. નહેરૂનગરની ચાલી કાર્તિક મંદીરની બાજુમાં અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**નિકોલઃ (૧)** રીપલબહેન ડો/ઓ સુરેન્દ્રકુમાર પંચાલ (ઉ.વ.૩૦) (રહે. સ્કાઇ લાઇન એપાર્ટમેન્ટ ગંગોત્રી સર્કલ પાસે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૦ કલાક ૮/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી પી.જે.ખાંટ ચલાવે છે.

**નિકોલઃ (૨)** સંજયભાઈ કાનજીભાઈ ઠાકોર (ઉ.વ.૧૯)( રહે નિકોલ વાસ કાસમભાઈની ચાલી સામે ચૂનારાવાસ પાસે નિકોલ ગામ નિકોલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૦ બપોરના ૧/૩૦ થી ૨/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતના હુકમાં ખેસ બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મેહુલકુમાર અમૃતલાલ ચલાવે છે.

**નારોલઃ** અવધેશ સ/ઓ સુરેશ માંજી (ઉ.વ.૨૨) (રહે.પ્રકાશ રાઇસ મીલ જેતલપુર નાજ રોડ જેતલપુર ગામ તા-દસક્રોઈ અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૦૬/૧૦/૨૦૨૦ ક્લાક ૭/૦૦ વાગ્યા પહેલા પ્રકાશ રાઇસ મીલ પાછળ આવેલ ખુલ્લી જગ્યામાં લીમડાના ઝાડ સાથે પટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી